જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૯/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૫૬/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૯/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૯૦ | ૦ | ૧૦૩૯૦ | ૧૬૪૯૨ | ૦ | ૧૬૪૯૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૯ | ૦ | ૪૩૩૯ | ૫૮૫૪ | ૦ | ૫૮૫૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૬ | ૧ | ૪૭ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૯૫ | ૧ | ૧૪૦૯૬ | ૧૪૮૩૭ | ૬ | ૧૪૮૪૩ |
| કુલ | | ૨૮૮૭૦ | ૨ | ૨૮૮૭૨ | ૩૭૪૦૨ | ૬ | ૩૭૪૦૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૨ | ૧૩,૦૧,૬૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૪૨ | ૧૪,૪૨,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન

## પોકેટ કોપની મદદથી છેલ્લા દોઢ વર્ષથી અડાલજ પો.સ્ટે.ફ.ગુ.નં.૮૭/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો વણશોધાયેલ ગુનો શોધી કાઢી ચોરીએ ગયેલ મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડતી ખોખરા પોલીસ સર્વેલન્સ સ્ક્વોડ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા મિલ્કત સંબધી/વાહન ચોરીના ગુન્હા બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વાય.એસ.ગામીત નાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ.મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા એ.એસ.આઇ.તેજપાલસિહ પુરણસિહ બ.નં.૭૭૨૮ તથા અ.હેડ.કોન્સ. ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા અ.હેડ.કોન્સ.જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા પો.કો.નિકુંજકુમાર જયકિશનભાઇ બ.ન.૬૩૮૧ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ઇશ્વરકૃપા ચાર રસ્તા પાસે આવતા સાથેના અ.હેડ.કોન્સ. ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા પો.કો.નિકુંજકુમાર જયકિશનભાઇ બ.ન.૬૩૮૧ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ નાઓને સંયુકત અને ચોક્કસ બાતમી હકિકત મળેલ કે "એક નંબર પ્લેટ વગરનુ સ્પ્લેન્ડર મો.સા. ચાલક કોઇ જગ્યાએથી ચોરી અગરતો છળકપટથી મેળવી લઇ આવેલા છે" જે ચોક્કસ બાતમી આધારે મો.સા.ચાલક રોકી મો.સા.નું પોકેટ-કોપ એપ્લીકેશનથી એંજીન નંબર તથા ચેચીસ નંબર ચેક કરતા સદરી મો.સા.ના માલિકનુ નામ સરનામુ હાર્દિક વી.વાણિયા રહે.મ.નં..એ/૨ માધવનગર ટેનામેન્ટ આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા અમદાવાદનાઓનુ લખાઇ આવેલ જે મો.સા.માલીકની તપાસ કરતા સદરી મો.સા. ના માલીકે મો.સા.ચોરી બાબતે અડાલજ પોલીસ સ્ટેશન ફ.ગુ.નં.૮૭/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર કરાવેલ હોય જે મો.સા.ચોરી કરનાર આરોપીને આજરોજ તા.૧૦/૦૯/૨૦૨૦ ના કલાક-૨૧/૦૦ વાગે પકડી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ અટક કરી અડાલજ પો.સ્ટે.નો દોઢ વર્ષથી વાહન ચોરીનો વણશોધાયેલ ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ના છેલ્લા દશ માસથી નાસતો ફરતો પાસાનો આરોપી પકડી પાડતી એલીસબ્રીજ પોલીસ

મે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા મે. સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબ શ્રી તથા મે. નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૭ શ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર એમ વિભાગ શ્રી વી.જી. પટેલ સાહેબ નાઓ તરફથી મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધાયેલા મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ પેન્ડીંગ પાસા હુકમની બજવણી કરવા અવાર નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. આર.બી. વિહોલ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની કચેરીના ક્રમાંક : પીસીબી/ડિટીએન/૧૩૧૩/૨૦૧૯ તા. ૨૮/૧૧/૨૦૧૯ થી પાસા હેઠળ આરોપી નિરંજન @ નિલેષ જીતેન્દ્રભાઈ નાગર ઉવ.૨૯ રહે, મ.ન. ૨૫ તેજેન્દ્રપાર્ક સોસાયટી કેનાલ પહેલા વિરાટનગર ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ૮/૧ ગુ.હા.બોર્ડ બ્રાહ્મણવાસ દહેગામ જી. ગાંધીનગર વિરુધ્ધમાં હુકમ થયેલ જે પેન્ડીંગ પાસા હુકમનો આરોપી છેલ્લા દશેક માસથી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરતો હોય જેથી આજ રોજ તા. ૧૧/૦૯/૨૦૨૦ ના કલાક ૧૨/૦૦ વાગે વિરાટનગર મંગલ પાંડે હોલ ની સામેના કાચા છાપરામાંથી નરોડા પાટીયા ખાતેથી પો.ઈન્સ. શ્રી એ.એસ.પટેલ સાહેબ નાઓ દ્વારા ટેકનીકલ મદદ તથા અ.પો.કો. મહેશભાઈ ભગવાનભાઈ બ.ન. ૮૩૮૬ તથા અ.પો.કો. રણજીતસિંહ જીલુભાઇ બ.ન. ૮૭૪૪ નાઓની સંયુક્ત ચોક્કસ બાતમી આધારે ઉપરોક્ત આરોપીને પકડી પાડી આજ રોજ તા. ૧૧/૦૯૨૦૨૦ ના રોજ પાસા હેઠળ અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી સુરત લાજપોર જેલ ખાતે મોકલી આપી સારી કામગીરી કરેલ છે. તા. ૧૧/૦૯/૨૦૨૦

## આરોપીનો ગુનાહિત ઈતિહાસ :-

એલીસબ્રીજ , રામોલ , કૃષ્ણનગર પો.સ્ટે. માં જવેલર્સ ની દુકાનોમાં નજર ચુકવી કિમતી દાગીનાઓ ચોરી કરવાના ગુનાઓમાં પકડાયેલ છે. અને સને ૨૦૧૯ માં જુન માસમાં પાસા માંથી છુટેલ હતો.

ગુનાઓ:- એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૮૭/૨૦૧૯ તથા ૧૦૭/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯ , ૧૧૪

## આ કામગીરી કરનાર ટીમ:-

(૧) શ્રી એ.એસ.પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર એલીસબ્રીજ પોલીસ સ્ટેશન માર્ગદર્શન અને સુચના
(૨) આર.બી. વિહોલ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૩) અ.હે.કો. રતનસિંહ હિમતસિંહ બ.ન. ૯૫૬૬ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૪) અ.હે.કો. અખિલેશકુમાર જગદીશ બ.ન. ૪૧૯૨ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૫) અ.પો.કો. રાહુલભાઈ વશરામભાઈ બ.ન. ૬૧૯૫ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૬) અ.પો.કો. અલ્પેસભાઈ વાઘુભાઈ બ.ન. ૧૦૨૨૭ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૭) અ.પો.કો. મહેશભાઈ ભગવાનભાઈ બ.ન. ૮૩૮૬ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ......બાતમી
(૮) અ.પો.કો. રણજીતસિંહ જીલુભાઈ બ.ન. ૮૭૪૪ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ...... બાતમી
(૯) અ.પો.કો. ફૈઝાનખાન ફિરોજખાન એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૧૦) અ.પો.કો. નિકુલસિંહ પોપટભાઈ બ.ન. ૧૦૦૩૪ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૧૧) અ.પો.કો મહેંન્દ્રભાઇ રમેશભાઇ બ નં ૧૦૨૩ ૯ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
(૧૨) અ.પો.કો મુળુભાઇ વેજાભાઇ બ નં ૧૦૦૭૭ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન



# પાસા અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન (૧)

## પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી રાજકોટ મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ આરોપી પ્રહલાદભાઇ સ/ઓ બુધાભાઇ ગલાભાઇ વાઘરી ઉ.વ ૫૫ રહે ગામ-કમોડ શંકર ભગવાનના મંદિર આગળ તા-દસકોઇ જી-અમદાવાદ નુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ ડી.ટી.એન/પાસા/૮૫૯/૨૦૨૦ તા.૧૧/૦૯/૨૦૨૦ થી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે



## ઈસનપુર પોલીસ સ્ટેશન (૨)

## શરીર સબંધી ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી રાજકોટ મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનામા પકડાયેલ આરોપી ઇરફાન ઉર્ફે લંગડો શફીકભાઇ મલેક ઉ.વ ૨૭ રહે એસ.એસ.હેન્ડવર્કની પાછળ ચંડોળા તળાવના છાપરા શાહઆલમ મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ ડી.ટી.એન/પાસા/૮૫૬/૨૦૨૦ તા.૧૧/૦૯/૨૦૨૦ થી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૧૨/૦૯/૨૦૨૦



**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૭/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૮૦ લીટર દેશી દારૂ, ૫૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ લોડીંગ ટેમ્પો, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૮/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૯/૨૦૨૦</u>**

**સોલા હાઈકોર્ટઃ** હેતલબહેન નરેશભાઇ માંચી (ઉ.વ.૩૬) (રહે. સાયોના પુષ્પ રેસીડન્સી પાવાપુરી સોસાયટી પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૦ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**નારોલઃ** હીતેશ ચીમનલાલ ઠક્કર (ઉ.વ.૫૨) (રહે. પુષ્પક-૨ ખારાવાલા ઇસનપુર વટવા રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૦ કલાક ૯/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલભાઇ ભોપાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી